# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરત

ચીટનીશ શાખા(જમન), બી–બ્લોક, પાંચમો માળ, જિલ્લા સેવાસદન–૨, અઠવાલાઈન્સ, સુરત.

Phone NO.૦૨૬૧–૨૬૬૦૦૨૧, Fax No. .૦૨૬૧–૨૬૫૫૭૫૭

Email Id : 31.chitnisjaman1@gmail.com collector-sur@gujarat.gov.in


બીન દફતરી પત્ર વ્યવહાર :– ડિસ્ટ્રીકટ પ્રોજેકટ મેનેજરશ્રી, કલેકટર કચેરી–સુરત તરફ.

૨/– પ્રસ્તુતકામે જણાવવાનું કે, સરકારી અધિકારી/ કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા માટે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. જમન/૩૯૦૧/યુઓઆર ૪/અતા.૨૮/૦૭/૨૦૦૬ મુજબ જમીન ફાળવવાની નીતિની સમીક્ષા માટે સમિતીની રચના કરવા અને જે મુજબ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારની મોકાની (પ્રાઈમ લોકેશનવાળી) અને કિંમતી જમીન ફાળવણી કરવાપાત્ર થતી નથી. પરંતુ જિલ્લાવાર મોકાની અને કિંમતી ન હોય તેવી બિન વાણિજ્યક ઝોન પૈકીની સરકારી કર્મચારીઓના રહેઠાણ હેતુ માટે જમીનની યાદી સર્વે નંબર પ્રમાણે આઈડેન્ટીફાય કરવા અને જિલ્લાની વેબસાઈટ ઉપર મુકવા ઠરાવેલ છે.

૩/– આ કામે અત્રેના **જિલ્લામાં સરકારશ્રીના ઉપરોક્ત ઠરાવ મુજબ સરકારી અધિકારી/ કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા માટે નીચે મુજબની બે જમીનો આઈડેન્ટીફાય કરવામાં આવેલ છે.**

| ક્રમ | ગામ/તાલુકો | સર્વે નં./બ્લોક નં. | ક્ષેત્રફળ | જમીન આઈડેન્ટીફાય કરવા રચેલ સમિતિની બેઠક તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ભરથાણા–વેસુ તા.મજુરા | સર્વે નં.૩/અ, બ.નં.૮ ટી.પી.સ્કીમ નં.૧૩(ભરથાણા–વેસુ) એફ.પી.નં.૧૧ | ક્ષે.૬૦૯૬ ચો.મી. | તા.૪/૫/૨૦૧૭ |
| ૨ | મોજે.ઉમરા તા.મજુરા | સર્વે નં.૧૬૫/અ/૧ ટી.પી.સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) એફ.પી.નં.૧૭૩ | ક્ષે.૧૫૯૭૨ ચો.મી. | તા.૧૯/૫/૨૦૧૮ |

૪/– ઉપરોક્ત સરકારી જમીનો સરકારી અધિકારી/ કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે ફાળવવા આઈડેન્ટીફાય કરવામાં આવેલ છે. જે આઈડેન્ટીફાય કરવા રચેલ સમિતિની કાર્યવાહી નોંધો આ સાથે સામેલ રાખેલ છે. જે ધ્યાને લઈ અત્રેના જિલ્લાની વેબસાઈટ પર મુકવા વિનંતી છે.

કલેક્ટર સુરત વતી

નં.એ/જમન/સરકારી જમીન /વશી/૫૨૩૮/૧૯
ચીટનીશ શાખા, જમન દફતર,
તા.૨૨/૧૧/૨૦૧૯.

સરકારી અધિકારી/ કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા માટે જમીન આઈડેન્ટીફાય કરવા રચેલ સમિતિની તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ ૧૫:૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

---

<u>સરકારી અધિકારી/ કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા માટે જમીન આઈડેન્ટીફાય કરવા રચેલ સમિતિની બેઠકમાં નીચે જણાવેલ અધિકારીશ્રીઓ હાજર રહેલ.</u>

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી
જિલ્લા પંચાયત કચેરી– સુરત.

(૨) મદદનીશ નગર નિયોજકશ્રી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરત

(૩) નગર વિકાસ અધિકારીશ્રી
સુરત મહાનગરપાલિકા, સુરત

આજની આ બેઠકમાં હાજર રહેલા સૌને આવકારી બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

રાજ્ય સરકાર/ પંચાયત સેવાના બદલીપાત્ર અધિકારી/ કર્મચારીઓને રહેણાંક હેતુ માટે વિના હરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા સરકારશ્રીએ ઠરાવ નં. જમન/૩૯૦૧/યુ.ઓ.આર/૪.બ તા.૨૮/૦૭/૨૦૦૬ થી જમીન ફાળવવાની નીતિની સમીક્ષા માટે સમિતીની રચના કરવા ઠરાવેલ છે. અને જે મુજબ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારની મોકાની (પ્રાઈમ લોકેશન વાળી) અને કિંમતી જમીન ફાળવણી કરવાપાત્ર થતી નથી.પરંતુ જિલ્લાવાર મોકાની અને કિંમતી ન હોય તેવી બિનવાણિજયક ઝોન પૈકીની સરકારી કર્મચારીના રહેણાંક હેતુ માટે જમીનની યાદી સર્વે નંબર પ્રમાણે આઈડેન્ટીફાય કરવા અને જિલ્લાની સબંધિત વેબસાઈટ ઉપર મુકવા ઠરાવેલ છે.

આ કામે સવાલવાળી મોજે. ઉમરા તા.મજુરા જિ.સુરતના રે.સ.નં.૧૬૫/અ/૧ ટી.પી.સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) ફા.પ્લોટ નં.૧૭૩ ક્ષે.૧૫૯૭૨ ચો.મી. સરકારી જમીન આઈડેન્ટીફાય કરવા મામલતદારશ્રી મજુરાએ તેમના તા. /૦૪/૨૦૧૮ ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

સવાલવાળી જમીન મોજે. ઉમરા તા.સીટી મજુરા જિ.સુરતના સ.નં.૧૭૫/અ/૧ ક્ષે.હે.૧૫–૪૯–૦૬ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૫, ફા.પ્લોટ નં.૧૭૩ ક્ષે.૧૫૯૭૨ ચો.મી. જમીનના એફ ફોર્મની નકલ જોતાં સરકારી કર્મચારી કો.ઓ.હા.સોસાયટી માટે અનામત રાખવામાં આવેલાની નોંધ છે. આ જમીનમાંથી ઈલેકટ્રીક હાઈ ટેન્શન કે લો ટેન્શન લાઈન પસાર થતી નથી. સવાલવાળી જમીન સુડાના વિકાસ નકશામાં રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે. સવાલવાળી જમીનમાં કુવો કે બોર આવેલ નથી. આ જમીનની ઉત્તરે ટી.પી. રોડ દક્ષિણે ખુલ્લી જમીન તથા બિલ્ડીગ, પુર્વ દિશામાં એસ.કે.પાર્ક તેમજ પશ્ચિમ દિશામાં પાસપોર્ટ ઓફીસ આવેલ છે.

આમ, સવાલવાળી જમીન મહાનગરપાલિકા વિસ્તારની છે જે પ્રાઈમ લોકેશનવાળી નથી અને બીન વાણિજિયક ઝોન પૈકીની છે. જે વિગતે મોજે. ઉમરા તા.મજુરા જિ.સુરતના રે.સ.નં.૧૬૫/અ/૧ ટી.પી.સ્કીમ નં.૫ (ઉમરા-નોર્થ) ફા.પ્લોટ નં.૧૭૩ ક્ષે.૧૫૯૭૨ ચો.મી. સરકારશ્રીની હસ્તકની જમીન રાજય સરકાર/ પંચાયત સેવાના બદલીપાત્ર સરકારી અધિકારી/કર્મચારીના રહેણાંક માટે આઈડેન્ટીફાય કરવા સર્વાનુમતે ઠરાવેલ છે.

અન્ય કોઈ મુદ્દા ન હોય મીટીગ આભાર સાથે પુર્ણ જાહેર કરવામાં આવી.

રવાના કર્યુ.

ચીટનીશ ટુ ધી કલેકટર સુરત

સહી/-

કલેકટર સુરત

નં.એ/જમન/આઈડેન્ટીફાય/મીટીગ/ઉમરા/વશી.૪૨૪૪ થી ૪૨૪૭/૧૮
કલેકટર કચેરી, (ચીટનીશ શાખા)
બી/૫, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત
તા. ૨૧/૦૫/૨૦૧૮

**સરકારી અધિકારી/કર્મચારીઓને વિના હરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા માટે જમીન આઈડેન્ટીફાય કરવા રચેલ સમિતિની તા.૦૪/૦૫/૨૦૧૭ ના રોજ ૧૮:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ**

---

મીટીગમાં નીચે જણાવ્યા મુજબનાં અધિકારીશ્રીઓ હાજર રહયા હતા.

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરત.

(૨) નાયબ કલેકટરશ્રી સુરત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી સુરત

(૩) મ્યુ.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા સુરતના પ્રતિનિધિ.

આજની બેઠકમાં હાજર રહેલા સૌને આવકારી બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

રાજય સરકાર/ પંચાયત સેવાના બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રહેણાંક હેતુ માટે વિનાહરાજીએ રાહતદરે સરકારી જમીન ફાળવવા સરકારશ્રીએ ઠરાવનં.જમન/૩૯૦૧/યુ.ઓ.આર/૪.બ તા.૨૮/૦૭/૦૬ થી જમીન ફાળવવાની નીતિની સમીક્ષા માટે સમિતીની રચના કરવા ઠરાવેલ છે.અને જે મુજબ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારની મોકાની(પ્રાઈમ લોકેશનવાળી)અને કિંમતી જમીન ફાળવણી કરવાપાત્ર થતી નથી. પંરતુ જિલ્લાવાર મોકાની અને કિંમતી ન હોય તેવી બિનવાણિજયક ઝોન પૈકીની સરકારી કર્મચારીના રહેઠાણહેતુ માટે જમીનની યાદી સર્વેનંબર પ્રમાણે આઈન્ડેન્ટીફાય કરવા અને જિલ્લાની વેબસાઈટ ઉપર મુકવા ઠરાવેલ છે.

જે મુજબ મામલતદારશ્રી મજુરાએ તેઓના તા.૩૦/૦૧/૨૦૧૭ ના શેરાથી નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરત મારફત મોજે. વેસુ–ભરથાણા તા.મજુરા સ.નં.૩/અ બ.નં.૮ ક્ષેત્ર. ૫૪૨૨૮ ચો.મી. ટી.પી.સ્કીમ નં. ૧૩ (ભરથાણા–વેસુ) ના ફા.પ્લોટ નં. ૧૦ થી ૧૪ ની કુલ ૩૭૯૫૯ ચો.મી. ખાર ખરાબાવાળી જમીન પૈકી ફાળવેલ પ્લોટ નં.૧૧ ક્ષે. ૬૦૯૬ ચો.મી. જમીન આઈડેન્ટીફાય કરવા દરખાસ્ત કરેલ છે. તેમાં જણાવ્યા મુજબ સવાલવાળી જમીન ૪૫.૦૦ મી નાં રોડની નજીક આવેલ છે. જે સ્થળે ખુલ્લી અને પડતર છે. તથા ગામતળની નજીક આવેલ છે. તથા દક્ષિણ પુર્વ દિશામાંથી ટી.પી. રોડ સૂચિત કરવામાં આવેલ છે. જે પૈકી દક્ષિણ દિશામાં ૧૫:૦૦ મી નો રોડ બનાવવામાં આવેલ છે. સદર જમીનને લાગુ આવેલ ફા.પ્લોટ નં. ૧૨ તથા ૧૩ ની ૭૪૮૬ ચો.મી. જમીન ઔદ્યોગિક અદાલત તથા મજુર અદાલત બનાવવાના કામે તથા રહેઠાણના સ્ટાફ કવાર્ટર બનાવવા ફાળવવામાં આવેલ છે. સુડાના ઝોનીગ સર્ટિફિકેટ તા.૨૮/૦૨/૨૦૧૭ મુજબ સવાલવાળી જમીન રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે. આમ સવાલવાળી જમીન મહાનગરપાલિકા વિસ્તારની છે જે પ્રાઈમ લોકેશનવાળી નથી અને બીન વાણિજિયક ઝોન પૈકીની છે. જે વિગતે મોજે. ભરથાણા–વેસુ તા.મજુરાના સ.નં.૩/અ, બ.નં.૮ ક્ષે.૫૪૨૨૮ ચો.મી. ટી.પી.સ્કીમ નં. ૧૩(ભરથાણા–વેસુ) ફાયનલ પ્લોટ નં.૧૧ ની ક્ષે.૬૦૯૬ ચો.મી. સરકારશ્રી હસ્તકની ખારખરાબાવાળી જમીન સરકારી અધિકારી/કર્મચારીના રહેણાંક હેતુ માટે આઈડેન્ટીફાય કરવા સર્વાનુમતે ઠરાવેલ છે.

અન્ય કોઈ મુદ્દા ન હોય મીટીંગ આભાર સાથે પુર્ણ થયેલી જાહેર કરવા સર્વાનુમતે ઠરાવેલ છે.

નં.એ/જમન/જમીન આઈડેન્ટીફાય/મીટીગ/વશી.૩૫૨૮/૨૦૧૭ સહી/–
જિલ્લા સેવા સદન–૨,બી–૫, અઠવાલાઈન્સ,સુરત કલેકટર સુરત
સુરત તા.૧૨/૦૫/૨૦૧૭

રવાના કર્યુ.

ચીટનીશ ટુ ધી કલેકટર સુરત.

પ્રતિ,
સબંધિતો તમામ તરફ જાણ સારૂં.
નકલ રવાના :– નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરત તરફ
નકલ રવાના :– મામલતદારશ્રી મજુરા તરફ.